જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૧૦/૨૦૨૦ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૭૮૯/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૫ | ૦ | ૧૦૬૭૫ | ૧૬૮૦૫ | ૦ | ૧૬૮૦૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૦ | ૦ | ૫૮૬૦ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૮ | ૦ | ૪૮ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૦૬૭ | ૨૫ | ૧૫૦૯૨ | ૧૫૮૮૩ | ૨૬ | ૧૫૯૦૯ |
| કુલ | | ૩૦૧૩૬ | ૨૫ | ૩૦૧૬૧ | ૩૮૭૬૭ | ૨૬ | ૩૮૭૯૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯૯ | ૧૧,૩૯,૦૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૨૨ | ૧૪,૨૨,000/- |

# લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**સરખેજ પોલીસ સ્ટેશન :-**

## ઓટો રીક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી મોકાનો લાભ લઇ અવાવરૂ જગ્યા પર લઇ જઇ છરી જેવા ઘાતક હથિયાર બતાવી મોતના ભયમાં મુકી લૂટ કરનાર આરોપીઓને પકડી પાડતી સરખેજ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કોડ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ આર.વી અસારી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી પ્રેમ સુખ ડેલૂ સાહેબ ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,વી.જી.પટેલ સાહેબ "એમ" ડિવીઝનનાઓની સુચના તથા સીધા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશન પોલીસ ઇન્સપેક્ટર એસ.જી.દેસાઇ સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મીલ્કત સબંધી ગુન્હા શોધવા તેમજ અટકાવવા સારૂ સુચના આપેલ જે સુચના તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.સી.એન.પરમાર તથા અ.હેડ.કોન્સ.અજીતસિંહ પ્રભાતસિંહ બ.નં.૪૧૨૮ તથા અ.હેડ.કોન્સ.રાજેશકુમાર પ્રવિણભાઇ બ.નં-૮૪૭૪ તથા અ.લોકરક્ષક.ઇરફાન કાસમભાઇ બ.નં-૮૮૭૪ તથા અ.લોકરક્ષક જયરાજદાન કિરીટદાન બ.નં.૧૩૦૨૯તથા અનાર્મ લોકરક્ષક શીણાભાઇ કાળુભાઇ બ.નં.૪૪૬૪ તથા અનાર્મ લોકરક્ષક ભરતભાઇ કુલાભાઇ બ.નં. ૧૪૦૧ બીજા સ્ટાફના માણસો સાથે મીલ્કત સબંધી ગુન્હાઓ બનતા અટકાવવા તેમજ ગુન્હા શોધવા સબબ સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેનાઅ હેડ કોન્સ.રાજેશકુમાર પ્રવિણભાઇતથા અ.લોકરક્ષક. ઇરફાન કાસમભાઇ નાઓની ખાનગી બાતમી હકીકત આધારે સરખેજ પોલીસ સ્ટેશન પાર્ટ-એ**૧૧૧૯૧૦૪૮૨૦૧૬૨૫/૨૦** ધી ઇ.પી.કો કલમ ૩૯૭,૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના કામના આરોપીઓને પકડી પાડી પ્રશંસનીય કામગીરી કરેલ છે

**પકડાયેલ આરોપીઓ:-**

(૧)મોહમદ ફારૂક સન/ઓ મોહમદ યુસુફ ઉસ્માનગની છીપા ઉ.વ.૪૧
રહે,સિફા ફલેટ જીન્નત ફલેટની ગલીમાં બીજા માળે સિફા ફલેટ ફતેવાડી વેજલપુર અમદાવાદ
મુળ રહે,મ.નં.૪૨૦,પઠાણનો ડેલો વણકર વાસ સામે જમાલપુર ગાયકવાડ હવેલી અમદાવાદ

(૨)આસિફ હુસેન ફેઝર મોહમદ શેખ ઉ.વ.૪૨
રહે,મસ્તાન મસ્જીદની બાજુમાં અલફીયા ફલેટ ત્રીજા માળે ફતેવાડી સરખેજ અમદાવાદ શહેર
મુળ રહે.મ.નં.૧૭૭૬ મેદાનીવાડ મચ્છી પીર દરગાહ જમાલપુર ગા.હવેલી અમદાવાદ શહેર

**કબ્જે કરેલ મુદામાલ:**

ઓટો રીક્ષા નં.GJ-01-TF-0091 કિં.રૂ.૫૦,૦૦૦/- ની મતાની

**મોબાઇલ ફોન**

(૧)વાદળી કલરનો રીયલમી કંપનીનો મોબાઇલ ફોન કિં.રૂ.૫,૦૦૦/- મતાનો

(૨)વાદળી કલરનો ઓપો કંપનીનો મોબાઇલ ફોન કિં.રૂ.૧૦,૦૦૦/-મતાનો

(૩)કાળા કલરનો લાવા કંપનીનો મોબાઇલ ફોન કિં.રૂ.૧,૦૦૦/- મતાનો

(૪)ગોલ્ડન કલરનો સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન કિં.રૂ.૩,૦૦૦/-મતાનો

(૫)વાદળી કલરનો રીયલમી કંપનીનો મોબાઇલ ફોન કિં.રૂ.૧૦,૦૦૦/-મતાનો

(૬)સફેદ કલરનો સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન કિં.રૂ.૧,૦૦૦/- મતાનો

**ઘડીયાળો:-**

(૧)સિલ્વર કલરની HELIX TIMEX લખેલ ઘડીયાળ કિં.રૂ.૨,૦૦૦/-

(૨)લાઇટ બ્રાઉન કલરની ANALOGX લખેલ ઘડીયાળ કિં.રૂ.૫૦૦/-

(૩)બ્રાઉન કલરની JH લખેલ ઘડીયાળ કિં.રૂ.૫૦૦/-

તમામ મુદામાલ કુલ્લે કિં.રૂ.૮૩,૦૦૦/- ના મતાનો મુદામાલ



# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન :-

## ગણત્રીના કલાકોમાં મો.સા. ચોરીના ગુનાનો ભેદ ઉકેલી બે ઇસમોની અટકાયત કરતી શાહીબાગ પોલીસ

શાહીબાગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૦૨૦૦૬/૨૦૨૦ ઈ.પી.કો.કલમ-૩૭૯, ૧૧૪ મુજબના ગુનો બનવા પામેલ હોય જે બબાતે મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી, સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનીયર પો.ઈન્સ.શ્રી કે.ડી.જાડેજા સા.ની સુચના આધારે મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારુ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમીયાન સિવિલ હોસ્પિટલ ખાતે આવેલ પાર્કીંગો ચેક કરતા હતા તે દરમીયાન પી.જી.હોસ્પિટલના પાર્ગીંગમાં બે ઇસમો મો.સા. ચોરી કરવાની કોશીશ કરતા હોવાનુ શક પડતા તેઓને પકડી લઇ તપાસ કરતા સદરી જગ્યાએ કુલ ત્રણ વાહનોના લોક તોડી ચોરી કરવાની કોશીસ કરેલ હોય જેઓ વિરુધ્ધ ગુનો દાખલ કરી પુછપરછ તથા eGujcop તથા Pocket Cop મોબાઇલનો ઉપયોગ કરી શાહીબાગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૧૨૦૨૦૦૬/૨૦૨૦ ઇપીકો કલમ-૩૭૯ ના ગુનામાં ચોરાયેલ મુદ્દામાલ ટી.વી.એસ.કંમ્પની અપાચે મોટર સાયકલ છે. જેનો RTO નં-GJ-01-UV-0075નો છે. કિ.રૂ.૭૦,૦૦૦/- સાથે પકડી મિલ્કત સબંધી કેસ શોધી કાઢી સારી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

**રીકવર કરેલ મુદ્દામાલ** :-

ટી.વી.એસ.કંમ્પની અપાચે નં. GJ-01-UV-0075 નો જેની કિ.રૂ.૭૦,૦૦૦/-

**કામગીરી કરનાર અધિ./કર્મચારી;-**

પો.સબ.ઇન્સ.એમ.એચ.ઝાલા તથા પો.સબ.ઇન્સ એસ.એ.દેસાઇ તથા અ.હે.કો.સંદિપકુમાર જયંતીલાલ બ.નં.૫૯૯૫ તથા અ.હેડ કોન્સ જીગ્નેશકુમાર મનુભાઇ બ.નં.૫૭૫૮ તથા અ.હેડ કોન્સ કિરણસિહ બાબુજી બ.નં.૬૯૦૧ તથા અ.હે.કો.પ્રધ્યુમનસિહ મહેંદ્રસિહ બ.નં.૪૨૨૩ તથા અ.પો.કો મિહિરસિહ બનેસિહ બ.નં.૧૦૪૨૧ તથા અ.પો.કો. રાજેશ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો. ભુપેન્દ્રકુમાર કરશનભાઇ બ.નં-૪૬૧૮,તથા અ.પો.કો.મુકેશ સાંકાભાઇ બ.નં.૪૯૧૧ તથા અ.પો.કો સંજયસિહ મુકુન્દસિહ બ.નં.૪૮૬૦ તથા વુ.લો.ર પીનલબેન રાજેંદ્રભાઇ બ.નં.૧૧૦૮૪ સર્વેલન્સ સ્ટાફના માણસો

**<u>આરોપીઓના નામ :-</u>**

(૧) કલાપી સ/ઓ દોલતભાઇ ગોગળભાઇ ઘમંડે ઉ.વ.૩૪ ધંધો છુટક મજુરી રહે- ફ્રી કોલોની છારાનગર, મહાકાળી મંદિર પાસે, કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર તથા નં-(૨) જતીન સ/ઓ કપ્તાનસિંગ જવાનસિંગ દીદાવાલા ઉ.વ.૩૯ ધંધો છુટક મજુરી રહે- મહાજનીયા વાસ, યુ.કે. ભાટીયાના દવાખાનાની બાજુની ગલીમાં, નરોડા પાટીયા, સરદારનગર અમદાવાદ શહેર



# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ખાડીયા પોલીસ સ્ટેશન :-

### ખાડીયા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડ ધ્વારા બોપલ પો.સ્ટે ના જુગારના ગુનાના કામના વોન્ટેડ આરોપીને ઝડપી લઇ કરવામાં આવેલ પ્રસંશનીય કામગીરી

મહે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધીક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “ઇ” ડીવીઝન તથા પોલીસ ઇન્સપેકટરશ્રી પી.ડી.સોલંકી સાહેબ ખાડીયા પોલીસ સ્ટેશનનાઓ તરફથી નાસતા ફરતા આરોપીઓ તથા મીલ્કત સબંધી ગુનાઓ અટકવવા સારૂ સુચનાઓ મળેલ જે અન્વયે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી પી.ડી.સોલંકી ખાડીયા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના અ.હેડ કોન્સ. રાજારામ રૂપાભાઇ બ.નં.૯૩૧૭ તથા અનાર્મ પો.કો.ન્સ. વિષ્ણુકુમાર દેવીસિંહ બ.નં.૬૦૯૪ તથા અ.પો.કોન્સ. ધૃવરાજસિંહ અશોકસિંહ બ.નં. ૮૭૯૨ તથા અ.લો.ર. મુકેશભાઇ કાનજીભાઇ બ.નં. ૧૩૩૫ તથા અ.પો.કો. કુંદનકુમાર ભરતભાઇ બ.નં. ૯૩૯૭ તથા અ.લો.ર. વિપુલભાઇ ગગજીભાઇ બ.નં. ૧૨૨૪૩ તથા અ.લો.ર. મહેશભાઇ રમેશભાઇ બ.નં. ૧૨૫૭૯ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અ.પો.કોન્સ. ધૃવરાજસિંહ અશોકસિંહ બ.નં. ૮૭૯૨ તથા અ.લો.ર. મુકેશભાઇ કાનજીભાઇ બ.નં. ૧૩૩૫નાઓને મળેલ બાતમી હકીકત આધારે બોપલ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૨૦૧૧૨૦૦૮૮ધી જુગાર ધારા કલમ ૪,૫ મુજબના ગુનાના કામે નાસતા ફરતા વોન્ટેડ આરોપી નામે બ્રીજેશ ઉર્ફે પપ્પુ જગદીશચંદ્ર જાતે મોદી ઉ.વ.-૪૨ ધંધો મજુરી રહે.મ.નં ૩૮૯ ઘોડાગાડીના ડહેલા સામે કાચવાડો રાયપુર, અમદાવાદ શહેર નાનો માળે આવતા સદરી બાબતે પોકેટકોપ ઇ-ગુજકોપમાં ખાત્રી કરી સદરીને તા.૧૮/૧૦/૨૦૨૦ ના કલાક ૧૮/૧૦ વાગે CRPC કલમ્ ૪૧(૧) આઇ મુજબ પકડી અટક કરી બોપલ પો.સ્ટે ખાતે ઉપરોક્ત ગુનાના કામે સોપવા તજવીજ કરવામાં આવેલ છે તા. ૧૮/૧૦/૨૦૨૦.



**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૯૦/૨૦૨૦</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી ૪૪૨ લીટર દેશી દારૂ, ૪૩૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૧ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૦૧ બિયર ટીન અને ૦૩ સ્કુટર, ૦૧ મોટર સાયકલ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૯૧/૨૦૨૦</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત અટકાયત કરી હતી.

**<u>સોનાનું મંગળસુત્ર ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૯૨/૨૦૨૦</u>**

**શહેરકોટડા** : વત્સલાબેન વા/ઓ ધનશ્યામભાઇ દલાલ (ઉ.વ.૬૬)(રહે.ક્રિસ રેસિડન્સી વિભાગ-૧ ગંગોત્રી બંગ્લોઝ રોડ, ઉમા સ્કુલની પાછળ, નિકોલ) તા.૧૮/૧૦/૨૦૨૦ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પતિ સાથે એક્ટિવા ચલાવી સરસપુર પ્રેરણા બંગ્લોઝ મ.નં- બી/૯૬ ખાતે પોતાના દિકરાના ઘર આગળ આવતા એક એક્ટીવા ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ વત્સલાબેનના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વત્સલાબેન દલાલ એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.પરમાર ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૯૩/૨૦૨૦</u>**

**નિકોલ** : ભૈરારામ કરતાજી ચૌધરી (ઉ.વ.૪૫)(રહે. પુષ્પક રેસીડેન્સી, આદીનાથનગર ઓઢવ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧૦/૨૦૨૦ રાતના ૯/૩૦ થી તા.૧૮/૧૦/૨૦ ના કલાક ૫/૩૦ વાગ્યા દરમ્યાન ઓઢવ રોડ વિરાટનગર શ્યામ વેદ રેસીડેન્સી દુકાન નં ૩૩ “શ્રી લલિત એંટરપ્રાઇઝ” નામની પોતાની સિગારેટ-પાન મસાલાની હોલ-સેલની દુકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, દુકાનમાંથી (૧) બાગબાન તમાકુ ના ડબ્બા નંગ-૪૦ કિંમત રૂપિયા ૪,૦૦૦/- (૨) બાગબાન તમાકુના સેમ્પલ-૩ બોક્ષ કિંમત રૂપિયા ૩,૦૦૦/- (૩)રજનીગંધા મોટી તથા નાની મળી કુલ-૪૩ બોક્ષ કિંમત રૂપિયા ૭,૧૩૪/- (૪)આર.એમ.ડી.ગુટખાના બોક્ષ-૧૮ કિંમત રૂપિયા ૪,૦૦૦/- (૫)પાન વિલાસ ગુટખાના બોક્ષ-૫ કિમત રૂપિયા ૧,૩૨૫/- (૬)ડબલ જીરો તમાકુના બોક્ષ-૧૩ કિમત રૂપિયા ૩,૨૨૪/- (૭) જુદી-જુદી બ્રાંડની સિગારેટના ટોટલ બોક્ષ નંગ-૧૦૩૦ કિમત રૂપિયા ૯૦,૦૦૦/- તથા (૮) ગલ્લામાં મુકેલ રોકડ રૂપિયા ૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૮,૬૮૩/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

**નરોડા** : પ્રકાશકુમાર જયંતીલાલ પંચાલ (ઉ.વ.૪૦)(રહે.સાંઈ શરણમ સ્કાય સિટીની બાજુમાં એસ.પી.રીંગ રોડ નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧૦/૨૦૨૦ સાંજના ૬/૦૦ થી તા.૧૮/૧૦/૨૦૨૦ ના કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, બેડરૂમમાં આવેલ તીજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૪,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬,૪૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૭૯૪/૨૦૨૦**

**સરખેજ** : રોશનીબેન ડો/ઓ પંકજભાઈ ચુનારા (ઉ,વ,૧૪)(રહે.ચુનારાવાસ પરબડીવાળોવાસ મકરબાગામ, સરખેજ) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૦/૨૦૨૦ ના કલાક ૧૨/૫૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે પોતાના ઘરે પંખાના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

**કષ્ણનગર** : કાજલબેન ડો/ઓ હરીશભાઇ ચારણ (ઉ.વ.૧૮)(રહે.વસંતનગરના છાપરા ધન લક્ષ્મી કોમ્પ્લેક્ષની બાજુમા, ચમક ચુનાની પાછળ ઠક્કરનગર બી.આર.ટી.એસ.ની સામે ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૦/૨૦૨૦ ના કલાક ૧૦/3૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.સાકરીયા ચલાવે છે.

**કાગડાપીઠ** : વિનોદભાઇ મોતીભાઇ પરમાર (ઉ.વ.૬૮)(રહે.ગોવિંદનગર સોસાયટી, જૂની પાયલોટ ડેરી પાસે, કાંકરીયા રોડ) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૦/૨૦૨૦ બપોરના ૧/૪૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે ત્રીજા માળની ગેલેરીમાં છતનાં હુક સાથે નાયલોનની દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રવિકાંત બચુભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી